PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/કવા–૦૪/૧૬–૧૭/ 3529 તા. 26/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દીપકભાઈ શંકરલાલ નંદા,
રૂઘનાથ રોડ, દેના બેંક પાસે,,
ઓખા
તા. દ્વારકા,
જી. દેવભુમી દ્વારકા
મો: ૯૮૨૪૨ ૮૦૨૦૬

વિષય :–નવા ઘરવપરાશ કનેકશન બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૮/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ઓખા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૮/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૨૭–૦૪–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: દીપકભાઈ શંકરલાલ નંદા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ઓખા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)**

## : હુકમ :

**ફરીયાદ : નવા ઘરવપરાશ કનેકશન બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની ઓખા ખાતે આવેલ એવી ૫૦૦૦ ફુટ જમીન પર, અલગ – અલગ રીતે – દરેક પ્રકારે સ્વતંત્ર એવા – કુલ ૦૫ ટેનામેન્ટ (રહેઠાણ ના મકાન) બનાવેલ છે. આ ૦૫ ટેનામેન્ટ ની લીગલ એન્ટીટી સ્વતંત્ર છે. તેઓ શ્રી એ, બીલ્ડર ના દરજજે બનાવેલ એવા સદર ૦૫ ટેનામેન્ટ મા, પ્રત્યેક ટેનામેન્ટ ને સ્વતંત્ર મળી રહે એવા, કુલ ૦૫ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની વિધીસર ની અરજીઓ, જે તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, નિયત અરજી ફોર્મ મા રજુ કરી અને, પ્રત્યેક અરજીઓના રૂ.૪૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, તા.૨૨–૧૨–૧૬ ના રોજ અરજીઓ – જે એક જ નામે ( બીલ્ડર ના નામે ) નોંધાવેલ હતી. પીજીવીસીએલ તરફથી સદર ૦૫ અરજીઓ મંજુર થતા, પ્રત્યેક જોડાણો માટે ના ભાવપત્રક ની રકમ પણ, તેઓએ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી સદર ૦૫ અરજીઓ ના મીટરો લગાડી અને જોડાણો ચાલુ કરાયેલ હતા. ત્યારબાદ, પીજીવીસીએલ ની સબંધક ઓખા પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર શ્રી પટેલ સાહેબ તરફથી, તેઓ શ્રી ને જણાવવામા આવેલ હતુ કે, તેઓ શ્રી ની કુલ ૦૫ અરજીઓ જે એકજ સ્થળ પર નામે મંજુર કરાયેલ હોવાથી, નિયમાધીન રીતે એકજ સ્થળ પર એકજ જોડાણ રહી શકે, જેથી ૦૧ (એકજ) અરજી વાળુ જોડાણ ચાલુ રાખીને બાકી ના જોડાણો રદબાતલ કરવાની, તેઓ શ્રી ને પીજીવીસીએલ તરફથી નોટીસો આપવામા આવેલ છે. પીજીવીસીએલ ના અધિકારી ની આ કાર્યવાહી યોગ્ય અને વ્યાજબી ન જણાયેલ હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, વિભાગીય કચેરી ખાતે કાર્યરત એવી ફરીયાદ નિવારણ સમીતી તરફથી, સદર ફરીયાદ કેઈસ સાંભળવામા આવેલ હતો. જે માહે, ફરીયાદી અરજદાર શ્રી એ, ઓખા ખાતે બાંધકામ કરાયેલ એવા – કુલ ૦૫ ટેનામેન્ટ (રહેઠાણ ના મકાન) મા કુલ ૦૫ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની વિધીસર ની અરજીઓ, જે તા.૨૨–૧૨–૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા, જે નોંધાવેલ છે, તે ૦૫ ટેનામેન્ટ બાંધકામ કરાયેલ એવી જગ્યા, જે એક જ માલીકી ની છે. જેથી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪ ના પેટા મુદદા નં. ૪.૨૮ મા કરાયેલ જોગવાઈ મુજબ, આ જમીન પર એક જ જોડાણ આપી શકાય. આવા કારણોસર, જે તે સમયે – આ જમીન પર બાંધકામ થયેલ ૦૫ ટેનામેન્ટ પર, કુલ ૦૫ જોડાણ એક જ વ્યક્તિ ને આપી શકાય નહી. તેવી નિયમાધીન બાબતો હેઠળ, ફરીયાદી ને જે તે સમયે સદર ૦૫ ટેનામેન્ટ મા, અલગ–અલગ નામે ૦૫ જોડાણો અપાયેલ ન હતા. આ બાબત નિયમાધીન હતી. |

| | |
|---|---|
| ૨.૨ | પરંતુ, સદર ૦૫ ટેનામેન્ટ, જો અલગ–અલગ લીગલ એન્ટીટી ધરાવતા હોય, અને દરેક ના દરવાજા / યુનીટ સ્વતંત્ર હોય, તે મુજબ નુ બાંધકામ થયેલ હોય, તેમજ પ્રત્યેક ટેનામેન્ટ મા જવાનો દરવાજો સ્વતંત્ર / અલાયદો હોય,સદર ૦૫ ટેનામેન્ટ અલગ–અલગ વ્યકિતઓ ને વેચાણ દસ્તાવેજ થી અથવા તો કાયદેસર ના ભાડા કરાર હેઠળ, અલગ–અલગ વ્યકિતઓને અપાયેલ હોય – તો તે મુજબ ના '' અલગ–અલગ સ્વતંત્ર લીગલ એન્ટીટી મુજબ '' પ્રત્યેક ટેનામેન્ટ ને અલગ–અલગ જોડાણ પીજીવીસીએલ તરફથી આપી શકાશે. પીજીવીસીએલ ની ફરીયાદ નિવારણ સમીતી ની અલગ–અલગ બાબત, જે ફરીયાદી અરજદાર શ્રી એ, રાજીખુશી થી માન્ય રાખેલ હતી.અને હવે ફરીયાદી અરજદાર શ્રી ને '' પ્રત્યેક ફલેટ – જે અલગ–અલગ વ્યકિત ને ભાડા કરાર નીચે અપાયેલ હોવા સબંઘક એવા ભાડા કરાર નામાઓ, જે પ્રત્યેક ૦૫ ફલેટ માટે રજુ કરશે – તે બાબતે, અરજદાર શ્રી સંમંત થયેલ છે.'' આમ થતા, અરજદાર શ્રી ને તેઓ શ્રી ની માંગણી મુજબ ના સદર ૦૫ ટેનામેન્ટ મા, અલગ–અલગ એવા ઘરવપરાશ વીજજોડાણો પીજીવીસીએલ તરફથી આપવામા આવશે. આ બાબત ફરીયાદી અરજદાર શ્રી એ નિયમાઘીન રીતે માન્ય રાખતા, અરજદાર શ્રી ને હવે સદર વિષય સબંઘક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૪–૦૪–૧૭ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા ન. ૨.૧ મુજબ ના નિયમાઘીન કારણોસર ને આધિન રહીને, અગાઉ સદર જગ્યા પર ૦૫ ટેનામેન્ટ માટે અલગ–અલગ જોડાણો અપાયેલ ન હતા. પરંતુ, ૦૫ ટેનામેન્ટ માટે '' અલગ–અલગ સ્વતંત્ર લીગલ એન્ટીટી મુજબ '' પ્રત્યેક ટેનામેન્ટ ને અલગ–અલગ જોડાણ પીજીવીસીએલ તરફથી આપી શકાશે, તે બાબત, પીજીવીસીએલ માટે નિયમાઘીન છે. જેથી, સદર લીગલ એન્ટીટી નકકી કરતા, માંગણી મુજબ ના સદર ૦૫ ટેનામેન્ટ માટે, જે અલગ–અલગ વ્યકિત ને ભાડા કરાર નીચે અપાયેલ હોવા સબંઘક એવા ભાડા કરાર નામાઓ, જે પ્રત્યેક ૦૫ ફલેટ માટે રજુ કરશે – પીજીવીસીએલ ની આ નિયમાઘીન બાબતે, અરજદાર શ્રી સંમંત થયેલ છે. આમ થતા, અરજદાર શ્રી ને તેઓ શ્રી ની માંગણી મુજબ ના સદર ૦૫ ટેનામેન્ટ મા, અલગ–અલગ એવા ઘરવપરાશ વીજજોડાણો પીજીવીસીએલ તરફથી આપવામા આવશે. પીજીવીસીએલ પક્ષકાર ની સદર નિયમાઘીન બાબત ફરીયાદી અરજદાર શ્રી એ નિયમાઘીન રીતે માન્ય રાખતા, અરજદાર શ્રી ને હવે સદર વિષય સબંઘક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૪–૦૪–૧૭ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી તેઓ શ્રી ની માંગણી મુજબ ના સદર ૦૫ ટેનામેન્ટ માટે, અલગ–અલગ વ્યકિતઓના નામના અલગ–અલગ એવા કુલ ૦૫ ભાડાકરાર નામાઓ, પીજીવીસીએલ ની સબંઘક કચેરી મા રજુ કરશે, તે બાબતે, ફરીયાદી અરજદાર શ્રી સંમંત થતા, અરજદાર શ્રી ને હવે સદર વિષય સબંઘક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૪–૦૪–૧૭ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર ના તા.૦૪–૦૪–૧૭ ના લેખીત સંમંતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંઘક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.